Enrollment No: ______________________ Exam Seat No:______________________

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2019

**Subject Name: Company Accounts-II**

**Subject Code: 4CO04COA1** **Branch: B.Com. (Gujarati)**

**Semester: 4** **Date: 22/04/2019** **Time: 02:30 To 05:30** **Marks: 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** સંયોજન નો અર્થ સમજાવો . **(1)**

**b)** બાહ્ય પુનર્રચના નો અર્થ જણાવો . **(1)**

**c)** ચોખ્ખી મિલકતો – ખરીદ કિંમત = __________ **(1)**

**d)** શેર ની આંતરિક કિંમત એટલે શું ? **(1)**

**e)** ભારતીય હિસાબી ધોરણ નં . ૧૬ નું નામ લખો . **(1)**

**f)** મૂડી ઘટાડા નો અર્થ શું થાય ? **(1)**

**g)** લિકિવડેટર નો અર્થ જણાવો . **(1)**

**h)** કંપની નું વિસર્જન એટલે શું ? **(1)**

**i)** સંપૂર્ણ સલામત લેણદારો નો અર્થ સમજાવો . **(1)**

**j)** ભારતીય હિસાબી ધોરણ નં . ૧૭ નું નામ આપો . **(1)**

**k)** વિસર્જન ખર્ચ નો અર્થ સમજાવો . **(1)**

**l)** પસંદગીના લેણદારો કોને કહેવાય ? **(1)**

**m)** ખરીદ કિંમત - ચોખ્ખી મિલકતો = __________ **(1)**

**n)** ભારતીય હિસાબી ધોરણ નં . ૧૯ નું નામ શું છે ? **(1)**

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

તા . ૧ લી એપ્રિલ , ૨૦૧૯ ના રોજ “ **A** ” લિમિટેડ અને “ **B** ” લિમિટેડે પોતાના ધંધાઓનું સંયોજન કરી એક “ **C** ” લિમિટેડ નામની કંપની રચવાનું નક્કી કર્યું . તા . ૩૧ મી માર્ચ , ૨૦૧૯ ના રોજ બંને કંપનીઓના પાકા સરવૈયા નીચે મુજબ હતાં :

### " A " લિમિટેડ

| જવાબદારીઓ | રૂ . | મિલકતો | રૂ . |
|---|---|---|---|
| શેરમૂડી રૂ . ૧૦૦ નો | | જમીન અને મકાન | ૪૦,૦૦૦ |
| એક એવા ૨,૦૦૦ | | યંત્રો | ૬૦,૦૦૦ |
| ઇક્વિટી શેર | ૨,૦૦,૦૦૦ | સ્ટોક | ૨૦,૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૫૦,૦૦૦ | પરચૂરણ દેવાદારો | ૭૦,૦૦૦ |
| ભાડું ચૂકવવાનું બાકી | ૧,૦૦૦ | રોકડ | ૧૧,૦૦૦ |
| | | નફા નુકશાન ખાતે | ૫૦,૦૦૦ |
| | ૨,૫૧,૦૦૦ | | ૨,૫૧,૦૦૦ |

### " B " લિમિટેડ

| જવાબદારીઓ | રૂ . | મિલકતો | રૂ . |
|---|---|---|---|
| શેરમૂડી રૂ . ૧૦૦ નો | | પાઘડી | ૨૫,૦૦૦ |
| એક એવા ૩,૦૦૦ | | જમીન - મકાન | ૧,૫૦,૦૦૦ |
| ઇક્વિટી શેર | ૩,૦૦,૦૦૦ | યંત્રો | ૧,૨૫,૦૦૦ |
| અનામત ભંડોળ | ૫૦,૦૦૦ | સ્ટોક | ૫૦,૦૦૦ |
| ડિવિડન્ડ સમતુલા ભંડોળ | ૨૫,૦૦૦ | દેવાદારો | ૧,૦૦,૦૦૦ |
| નફા નુકશાન ખાતું | ૪૦,૦૦૦ | અગાઉથી ચૂકવેલ | |
| પરચૂરણ લેણદારો | ૩૭,૦૦૦ | વીમો | ૨,૦૦૦ |
| | ૪,૫૨,૦૦૦ | | ૪,૫૨,૦૦૦ |

નવી કંપની બંને કંપનીઓને ખરીદકિંમત પેટે પોતાનો રૂ . ૧૦૦ નો એક એવા ઇક્વિટી શેર આપે છે .

" A " **લિમિટેડ** ના ચોપડામાં જરૂરી આમનોંધ લખો અને જરૂરી ખાતાં તૈયાર કરો .

**Q-3 Attempt all questions (14)**

**M કંપની લિ** . ની મિલકતો **N કંપની લિમિટેડે** ખરીદી લીધી . ખરીદકિંમત નીચે મુજબ હતી :

(1) M કંપની લીમીટેડના દરેક શેરને બદલે રૂ . ૯૦ રોકડા .

(2) M કંપની લીમીટેડના દરેક ડિબેન્ચર ના બદલામાં રૂ . ૫૫૦ રોકડા ડિબેન્ચર હોલ્ડરોએ પોતાના ડિબેન્ચર ના બદલામાં ચૂક્તેના હિસાબે લેવા કબુલ્યું .

(3) M કંપની લીમીટેડના દરેક શેર ના બદલામાં N કંપની લિ . ના ચાર શેર , જે દરેક રૂ . ૭૫ નો છે અને જેનો બજારભાવ રૂ . ૧૪૦ છે .

ખરીદી સમયે **M કંપની લિ** . નું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| **જવાબદારીઓ** | **રૂ .** | **મિલકતો** | **રૂ .** |
|---|---|---|---|
| **ભરપાઈ થયેલી મૂડી :** | | જમીન-મકાન | ૧૧,૦૦,૦૦૦ |
| ૬,૦૦૦ શેર , દરેક | | યંત્રો | ૧૫,૫૦,૦૦૦ |
| રૂ . ૫૦૦ નો તેવા , | | ફર્નિચર | ૨,૬૦,૦૦૦ |
| પૂરેપૂરા ભરપાઈ થયેલા | ૩૦,૦૦,૦૦૦ | પેટન્ટ | ૨,૪૦,૦૦૦ |
| ૧,૩૦૦ ડિબેન્ચર્સ , દરેક | | અર્ધ તૈયાર માલ | ૮,૧૫,૦૦૦ |
| રૂ .૫૦૦ ના | ૬,૫૦,૦૦૦ | તૈયાર માલ સ્ટોક | ૧,૮૫,૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૨,૫૦,૦૦૦ | પરચૂરણ | |
| કામદાર બચત ખાતે | ૨,૦૦,૦૦૦ | દેવાદારો | ૨,૬૫,૦૦૦ |
| વીમા ભંડોળ | ૬૫,૦૦૦ | રોકડ | ૮૫,૦૦૦ |
| અનામત ભંડોળ | ૨,૭૫,૦૦૦ | | |
| નફા નુકશાન ખાતે | ૬૦,૦૦૦ | | |
| | ૪૫,૦૦,૦૦૦ | | ૪૫,૦૦,૦૦૦ |

**M કંપની લિ** . ના ચોપડા બંધ કરવા જરૂરી ખાતાઓ બનાવો , અને **N કંપની લિ** . ના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો .

**Q-4** **Attempt all questions** **(14)**

**(a)** સંયોજન અને સમાવેશ નાં હેતુઓ વર્ણવો . **(7)**

**(b)** ચોખ્ખી મિલકત પદ્ધતિ પર નોંધ લખો . **(7)**

**Q-5** **Attempt all questions** **(14)**

**(a)** **R** લિ . નું તા . ૩૧-૩-૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું : **(7)**

| **જવાબદારીઓ** | **રૂ .** | **મિલકતો** | **રૂ .** |
|---|---|---|---|
| **શેર થાપણ :** | | પરચૂરણ મિલકતો | ૧,૫૭,૦૦૦ |
| દરેક રૂ . ૧ નો એવા | | નફા નુકશાન ખાતું | ૫૨,૦૦૦ |
| ૭૫,૦૦૦ ૬ % ના | | | |
| ક્યુંમ્યુલેટિવ પ્રેફરન્સ | | | |
| શેર પૂરા ભરાયેલા | ૭૫,૦૦૦ | | |
| દરેક રૂ . ૧ નો એવા | | | |

| | | | |
|---|---|---|---|
| ૧,૦૦,૦૦૦ ઓર્ડિનરી | | | |
| શેર પૂરા ભરાયેલા | ૧,૦૦,૦૦૦ | | |
| ૫ % ના ડિબેન્ચર | ૨૦,૦૦૦ | | |
| ડીબે . પર બાકી વ્યાજ | ૨,૦૦૦ | | |
| પરચૂરણ લેણદારો | ૧૨,૦૦૦ | | |
| | ૨,૦૯,૦૦૦ | | ૨,૦૯,૦૦૦ |

પ્રેફરન્સ શેર પર છેલ્લા બે વર્ષનું ડિવિડન્ડ ચૂકવ્યું નથી . એમ ઠરાવવામાં આવ્યું છે કે બધી મિલકતો ખરીદી લેવા **Q લિમિટેડ** નામની એક નવી કંપની સ્થાપવી . નવી કંપનીની મૂડી દરેક રૂ . ૧ નો એવા ઓર્ડિનરી શેરની બનેલી છે .

નીચેની યોજના યોગ્ય રીતે મંજૂર થઈ :

**(a)** નવી કંપનીના શેર જૂની કંપનીના શેરના બદલામાં નીચેના ધોરણે આપવા :

(1) ઓર્ડિનરી શેર હોલ્ડરોને તેમના પાંચ શેરના બદલામાં નવો એક શેર આપવો .

(2) પ્રેફરન્સ શેર હોલ્ડરોને પાંચ શેરના બદલામાં નવા ત્રણ શેર આપવા અને તેમના બાકી પ્રેફરન્સ ડિવિડન્ડ ના બદલામાં દર ૨૫ શેરે એક નવો અર્ધો શેર આપવો .

**(b)** નવી કંપની ડિબેન્ચર હોલ્ડરોને એમની નીકળતી મુદ્દલ રકમ ચૂકવી દેશે અને વ્યાજની રકમ તેમણે છોડી દેવી .

**(c)** નવી કંપની બાકીના લેણદારોને તેમના દાવાની રકમના ૨૫ % રોકડ ચૂકવશે અને પછી જે બાકી નીકળશે તેની અર્ધી રકમ માટે નવી કંપનીના શેર આપશે .

ફડચા નું ખર્ચ નવી કંપની ભોગવે છે . આ યોજનાને કારણે કોઈ અપૂર્ણાંક શેર ઉદ્દભવ્યો નથી એમ માનીને તમારે જૂની કંપનીના ચોપડા બંધ કરવાના છે . આ પુનર્રચના ને કારણે દરેક પ્રકારના શેર હોલ્ડરોને કેટલી ખોટ ભોગવવી પડે તે તમારે દર્શાવવાનું છે .

**(b)** પુનર્રચના ખાતાં ઉપર નોંધ લખો . **(7)**

**Q-6** **Attempt all questions** **(14)**

**(a)** **Z** લિ . તા . ૩૧-૩-૨૦૧૯ ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ તે તારીખે તેની પરિસ્થિતિ નીચે મુજબ હતી : **(7)**

| વિગત | રૂ . |
|---|---|
| શેરમૂડી : રૂ . ૧૦૦ નો એક એવા ૫,૦૦૦ ઇક્વિટી શેર | ૫,૦૦,૦૦૦ |
| રૂ . ૧૦૦ નો એક એવા ૧,૦૦૦ પ્રેફરન્સ શેર | ૧,૦૦,૦૦૦ |
| સંપૂર્ણ સલામત લેણદારો ( જામીનગીરીના રૂ . ૨,૪૦,૦૦૦ ઉપજ્યા ) | ૨,૧૦,૦૦૦ |
| ત્રણ માસનો પગાર ( ૬ કારકુનોનો ) | ૭,૦૦૦ |
| છેલ્લા ૧૨ માસનો ૫ મજૂરોનો પગાર | ૩૦,૦૦૦ |
| ઇન્કમટેક્ષ અને સ્થાનિક વેરા | ૩૫,૦૦૦ |
| બિનસલામત લેણદારો | ૮,૩૪,૦૦૦ |
| તરતો બોજ ધરાવતા ડિબેન્ચર | ૧૫,૦૦,૦૦૦ |
| વિસર્જન ખર્ચ | ૨૫,૦૦૦ |
| લિકિવડેટર નું મહેનતાણું | ૫૦,૦૦૦ |

મિલકતોના રૂ .૨૮,૪૧,૦૦૦ ઉપજ્યા , જેમાં સંપૂર્ણ સલામત લેણદારોએ ઉપજાવેલ રકમનો સમાવેશ થાય છે . ઇન્કમટેક્ષ માં રૂ .૫,૦૦૦ ની આકારણી તા . ૩૧-૩-૨૦૧૮ ના રોજ થયેલી હતી .

લિકિવડેટર નું છેવટનું હિસાબી પત્રક તૈયાર કરો .

**(b)** કંપનીના વિસર્જનની પદ્ધતિઓ સમજાવો . **(7)**

**Q-7** **Attempt all questions** **(14)**

**(a)** શેરની આંતરિક કિંમત વિશે નોંધ લખો . **(7)**

**(b)** પસંદગીના લેણદારો વર્ણવો . **(7)**

**Q-8** **Attempt all questions** **(14)**

**(a)** ભારતીય હિસાબી ધોરણ સમજાવો - “ **સબંધિત પક્ષો સબંધી પ્રગટીકરણ** ” **(7)**

**(b)** ભારતીય હિસાબી ધોરણ - “ **શેરદીઠ કમાણી** ” – ની ચર્ચા કરો . **(7)**